# પ્રકરણ-5

# સંશોધનનો સારાંશ, તારણો, સૂચનો અને ભાવિ સંશોધનની દિશાઓ

# પ્રકરણ – 5

# સંશોધનનો સારાંશ, તારણો, સૂચનો અને ભાવિ સંશોધનની દિશાઓ

5.1.0 **પ્રસ્તાવના**

5.2.0 **સંશોધન સારાંશ**

5.3.0 **અભ્યાસનાં તારણો**

5.4.0 **સૂચનો**

5.5.0 **ભાવિ સંશોધન અંગેની દિશાઓ**

5.6.0 **ઉપસંહાર**

# પ્રકરણ-5

# સંશોધનનો સારાંશ, તારણો, સૂચનો અને ભાવિ સંશોધનની દિશાઓ

## 5.1.0 પ્રસ્તાવના

શિક્ષણક્ષેત્રે હાથ ધરવામાં આવતા સંશોધનો હંમેશા શિક્ષણને દિશાસૂચનો કરતાં હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ, તેમની અભ્યાસટેવો અને શબ્દભંડોળના સંબંધનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં હેતુઓ અને તેની ઉત્કલ્પનાઓને ધ્યાનમાં રાખીને પ્રકરણ-4મા માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન આપવામાં આવ્યું છે.પ્રસ્તુત પ્રકરણમાં હેતુઓને ધ્યાનમાં રાખીને અભ્યાસનાં તારણો અને સૂચનો રજૂ કરી ભાવિ સંશોધન અંગેના ક્ષેત્રો દર્શાવેલ છે. આ ઉપરાંત અભ્યાસની સંક્ષિપ્ત રૂપરેખા પણ દર્શાવેલ છે.

## 5.2.0 સંશોધન સારાંશ

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ, અભ્યાસટેવો અને શબ્દભંડોળનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં જે બાબતો કે પ્રયુકિતઓને ધ્યાનમાં રાખીને સમગ્ર સંશોધનકાર્ય હાથ ધરવામાં આવ્યું તેનો ટૂંકસાર અહીં રજૂ કરવામાં આવ્યો છે.

### ❖ શીર્ષક અને સમસ્યાકથન

પ્રસ્તુત અભ્યાસની સમસ્યા નીચે મુજબ શબ્દબદ્ધ કરવામાં આવી હતી.

**માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેમની અભ્યાસ ટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ**

An Investigation into the Relationship between Achievement in English and Their Study Habits and Vocabulary of the Students of Secondary Level

## ❖ હેતુઓ

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ હેતુઓ નીચે મુજબ હતા.

1. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેની કક્ષાનો અભ્યાસ કરવો.
2. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસટેવો કક્ષાનો અભ્યાસ કરવો.
3. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અને તેની કક્ષાનો અભ્યાસ કરવો.
4. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.
5. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.
6. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.
7. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચેના સંબંધનો જાતિનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
8. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચેના સંબંધનો વિસ્તારનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
9. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો જાતિના સંદર્ભમાંઅભ્યાસ કરવો.
10. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

11. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો જાતિના સંદર્ભમાંઅભ્યાસ કરવો.

12. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ❖ ઉત્કલ્પનાઓ

$HO_1$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_2$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_3$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_4$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_5$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_6$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચે સહસાર્થક સંબંધ નહિં હોય.

## ❖ અભ્યાસના ચલો

પ્રસ્તુત અભ્યાસમાં અંગ્રેજી વિષયની સિદ્ધિ, તેમની અભ્યાસટેવો અને શબ્દભંડોળને સ્વતંત્ર ચલ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો જ્યારે જાતિ અને વિસ્તારનો પરતંત્ર ચલ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ❖ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાં મધ્ય ગુજરાતની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ-2015-16માં માધ્યમિક શાળાઓના ધોરણ-9માં વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ❖ નિદર્શની પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં સ્તરીકૃત યાદચ્છિક નિદર્શ પદ્ધતિ અને ઝૂમખાં નિદર્શ અનુસાર કુલ 1452 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યાં હતાં જેમા કુલ 798 છોકરાઓ અને 654 છોકરીઓ હતી. કુલ 1452 વિદ્યાર્થીઓમાં 726 વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારમાંથી અને 726 વિદ્યાર્થીઓ શહેરી વિસ્તારમાંથી સમાવિષ્ટ કરવામાં આવ્યાં હતાં.

## ❖ સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેમની અભ્યાસટેવો અને શબ્દભંડોળનો અભ્યાસ કરવાનો હેતુ હતો. તેથી પ્રસ્તુત અભ્યાસમાં નીચેના ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

1. શૈક્ષણિક સિદ્ધિ માટે વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા છેલ્લા વર્ષના અંગ્રેજી વિષયના ગુણની ટકાવારી.
2. **અભ્યાસટેવોના માપન માટે :**
   ડૉ. એમ.એલ. જોષી અને ડૉ. હર્ષા આર. પટેલ દ્વારા રચિત **પ્રમાણિત અભ્યાસટેવ સંશોધની.**
3. **શબ્દભંડોળના માપન માટે :**
   ડૉ. તેજલ પંડીત અને પ્રમાણિત **શબ્દભંડોળ કસોટી**

## ❖ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં ચલ તરીકે અંગ્રેજી વિષતની સિદ્ધિ, અભ્યાસટેવા, શબ્દભંડોળ, જાતિ અને વિસ્તારને ધ્યાનમાં રાખીને માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

અભ્યાસકે પસંદ કરેલ જુદા-જુદા ચલોના સંદર્ભમાં વર્ગીકરણ કરેલ માહિતીના પ્રાપ્તાંકોના આધારે સરાસરી, પ્રમાણ વિચલનઅને શૂન્ય ઉત્કલ્પનાને ચકાસવા માટે સહસંબંધ તથા ક્રાંતિક ગુણોત્તર અને ચતુર્થક વિચલન અને ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં સમગ્ર ગણતરીઓ કમ્પ્યુટરમાં માઇક્રોસોફ્ટ એક્સેલ પ્રોગ્રામના માધ્યમની મદદથી કરવામાં આવી હતી.

### 5.3.0 **અભ્યાસનાં તારણો**

માહિતીના પૃથક્કરણના આધારે પ્રાપ્ત થયેલ માહિતીના આધારે પ્રસ્તુત અભ્યાસનાં તારણો નીચે મુજબ હતાં.

1. સમગ્ર નિદર્શના વિદ્યાર્થીઓ મધ્યમ કક્ષાની અંગ્રેજી વિષયની સિદ્ધિ ધરાવતાં હતાં.
2. સમગ્ર નિદર્શના વિદ્યાર્થીઓ મધ્યમ કક્ષાની અભ્યાસટેવો ધરાવતાં હતાં.
3. સમગ્ર નિદર્શના વિદ્યાર્થીઓ મધ્યમ કક્ષાનું શબ્દભંડોળ ધરાવતાં હતાં.
4. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચે ઉચ્ચકક્ષાનો ગાઢ સંબંધ જોવા મળ્યો હતો.
5. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચે ઉચ્ચકક્ષાનો ગાઢ સંબંધ જોવા મળ્યો હતો.
6. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચે મધ્યમ કક્ષાનો સંબંધ જોવા મળ્યો હતો.
7. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચે સંબંધ જોવા મળ્યો હતો. છોકરીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવોનો સંબંધ છોકરાઓ કરતાં વધુ જોવા મળ્યો હતો.

8. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચે સાર્થક સંબંધ જોવા મળ્યો નથી. આમ, ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો બંને પરસ્પર એકબીજા સાથે સંબંધિત જોવા મળ્યા નથી.

9. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચે સંબંધ જોવા મળ્યો હતો. છોકરીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળનો સંબંધ છોકરાઓ કરતાં વધુ જોવા મળ્યો હતો.

10. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળ્યો છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળનો સંબંધ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચે વધુ જોવા મળ્યો હતો.

11. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચે સંબંધ જોવા મળ્યો હતો. છોકરીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળનો સંબંધ છોકરાઓ કરતાં વધુ જોવા મળ્યો હતો.

12. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળ્યો હતો. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળનો સંબંધ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચે વધુ જોવા મળ્યો હતો.

5.4.0 **સૂચનો**

## અંગ્રેજી વિષયની સિદ્ધિને લગતા સૂચનો

- વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયનું ઊંડાણપૂર્વક અધ્યયન કરાવવું જોઇએ.
- વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરી અસરકારક રીતે અધ્યયન કરાવવું જોઇએ જેથી અંગ્રેજી વિષયની સિદ્ધિમાં વધારો કરી શકાય.
- વિદ્યાર્થીઓની સિદ્ધિને ધ્યાનમાં રાખી નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓને વધુ ધ્યાનપૂર્વક અભ્યાસ કરવવવો જોઇએ.
- વિદ્યાર્થીઓમાંથી અંગ્રેજી વિષયના અભ્યાસ માટેનો ડર દૂર કરવો જોઇએ.
- શિક્ષકે વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં રસ વધે માટે વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરીને વર્ગખંડમાં ભણાવવું જોઇએ.

## અભ્યાસટેવોને લગતા સૂચનો

- વિદ્યાર્થીઓની અભ્યાસટેવોને જાણવી જોઇએ.
- વાલીઓને તેમના પાલ્યોની અભ્યાસટેવોથી માહિતગાર કરવા જોઇએ,
- વિદ્યાર્થીઓમાં અભ્યાસટેવોમાં જરૂર જણાય ત્યાં સુધારાત્મક પગલા લેવા જોઇએ.
- નિમ્ન સિદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓ અને ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની અભ્યાસટેવો જાણી તેમને યોગ્ય માર્ગદર્શન પુરું પાડવું જોઇએ.

## શબ્દભંડોળને લગતાં સૂચનો

અંગ્રેજી ભાષાના શિક્ષકોએ ફક્ત પરીક્ષાલક્ષી શિક્ષણ ન આપતાં અભ્યાસક્રમમાં સમાવિષ્ટ પાઠ અને કવિતાઓના નવીન શબ્દોના અર્થ, વિરુદ્ધાર્થી, સમાનાર્થી શબ્દ, કહેવતો, રૂઢિપ્રયોગો, શબ્દસમૂહ માટે એક શબ્દ વગેરે વિશે વિદ્યાર્થીઓને પૂરતી માહિતી આપવી જોઈએ.

- વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ વધે તે માટે શાળામાં ભીંતપત્ર ઉપર દરરોજ નવીન શબ્દો અર્થ સહિત લખવાની પ્રવૃત્તિ ગોઠવવી જોઈએ.
- શાળામાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે શબ્દભંડોળ કસોટી યોજી પ્રોત્સાહન આપવું.
- વિવિધ ભાષાના શબ્દકોશો, જોડણીકોશો શાળામાં વસાવવા જોઈએ.
- વિદ્યાર્થીઓના વાલીઓએ વિદ્યાર્થીનું શબ્દભંડોળ વધે તે માટે વિશેષ વાંચનને પ્રોત્સાહન આપવું. સામાયિકો, પુસ્તકો લાવી આપવા જોઈએ.
- પાઠ્યપુસ્તક મંડળે પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિના અંતે તેમાં આવતા વિવિધ શબ્દોના અર્થ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી શબ્દો, શબ્દસમૂહ માટે એક શબ્દ, કહેવતો, રૂઢિપ્રયોગો વગેરે પાઠ કે કાવ્યને અંતે જેમ બને તેમ વધુ મૂકવા જોઈએ.
- ધોરણવાર શબ્દભંડોળની યાદી તૈયાર કરી પુસ્તકના અંતે દર્શાવવી જોઈએ.

### 5.5.0 **ભાવિ સંશોધન અંગેની દિશાઓ**

સંશોધન હાથ ધરતી વખતે સંશોધકને મળતા અનુભવો અને પડતી મૂશ્કેલીઓમાંથી ઘણા નવા મુદ્દાઓ નજર સમક્ષ આવે છે. પરંતુ સમય મર્યાદાને કારણે બધા જ મુદ્દાની ચકાસણી કરવાનું શકય હોતું નથી. તેથી ભાવિ સંશોધનો હાથ ધરવા માટે સંશોધકોને માર્ગદર્શનરૂપ બને તેવા કેટલાક વિષયો ભલામણ સ્વરૂપે અહીં સૂચવવામાં આવ્યા છે.

1) મધ્ય ગુજરાત સિવાયના અન્ય વિસ્તારની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પર અભ્યાસ હાથ ધરી શકાય
2) મધ્ય ગુજરાતની અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પર અભ્યાસ હાથ ધરી શકાય
3) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેમની અભ્યાસ ટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ

4) કૉલેજના પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ, તૃતીય વર્ષના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેમની અભ્યાસ ટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ

5) ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેમની અભ્યાસ ટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ

6) માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનીઅભ્યાસટેવો અને તેમના વ્યક્તિત્વનો અભ્યાસ

7) માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અને અન્ય વિષયની સિદ્ધિનો અભ્યાસ

8) માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સિદ્ધિ, બુદ્ધિ અને શબ્દભંડોળનો અભ્યાસ

## 5.6.0 **ઉપસંહાર**

દરેક સંશોધન કાર્ય ભાવિ સંશોધન માટે નવી દિશા સૂચિત કરે છે અને પૂરા થયેલા કાર્યની મર્યાદા દર્શાવે છે. સંશોધન કાર્ય દરમ્યાન અનુભવો અને મુશ્કેલીઓમાંથી ઘણા બધા મુદ્દાઓની દૃષ્ટિ સમક્ષ આવે છે. એ મુદ્દાઓ ભાવિ સંશોધનની દૃષ્ટિએ અગત્યના હોવા છતાં એ બધા મુદ્દાઓની ચકાસણી કરવાનો સમય અભ્યાસક પાસે હોતો નથી છતાં અન્ય સંશોધકોને તેનો લાભ મળી રહે તે હેતુથી તેને નોંધવા યોગ્ય ગણાશે. આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અભ્યાસ એ મધ્ય ગુજરાતની માધ્યમિક શાળાઓના ધોરણ-9ના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેમની અભ્યાસ ટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ અભ્યાસ કરવાનો એક નમ્ર પ્રયાસ છે. પ્રસ્તુત અભ્યાસ મધ્ય ગુજરાતની ગુજરાતી માધ્યમની શાળાઓના ધોરણ-9ના વિદ્યાર્થીઓ પુરતો મર્યાદિત હોવાથી તેને સમગ્ર વ્યાપવિશ્વ પર લાગુ પાડી શકે નહિ. તેમ છતાં વિદ્યાર્થીઓના અંગ્રેજી

વિષયની સિદ્ધિ અને તેમની અભ્યાસ ટેવો અને  શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસને જાણવા માટે આ અભ્યાસ શિક્ષકો, વાલીઓ તેમજ વિદ્યાર્થીઅને ઉપયોગી નિવડશે તો સંશોધકનો આ નમ્ર લઘુપ્રયાસ સાર્થક થયો ગણાશે. પ્રસ્તુત મહાશોધ નિબંધ એ સંશોધકનો એક લઘુ પ્રયાસ છે, તેમાં કયાંક ક્ષતિ રહી ગઈ હોય તો તે ક્ષમ્ય ગણવી.